## વડીલોને વંદન અભિનંદન



કુમુદબેન જનાર્દન જોષી
(૧૯૩૬)ફોન:૨૩૨૬૦૫૫૬

# માલિકને કર્મચારી પરનો વિશ્વાસ ભારે પડ્યો

## આંગડીયા પેઢીનો કર્મચારી રૂ. ૧૯.૫૦ લાખ લઈ છુમંતર

મોડાસા, તા. ૨૩

રાજસ્થાનના અજમેર સ્થિત આંગડીયા પેઢીમાંથી ૧૯.૫૦ લાખની રોકડ લઈ અમદાવાદ બ્રાન્ચમાં આપવા નીકળેલ આંગડીયા કર્મચારીએ આ રકમ પોતાના અંગત કામમાં વાપરી નાખી હતી. જેની ખબર પડતા આંગડીયા પેઢીના માલિકે શામળાજી પોલીસમાં આ કર્મચારી સામે રૂ. ૧૯.૫૦ લાખ અંગત કામમાં વાપરી નાખી વિશ્વાસઘાત કર્યા અંગેની ફરિયાદ નોંધાવતા પોલીસે કાર્યવાહી હાથ ધરી છે.

અમદાવાદમાં રહેતા અશોકભાઈ મગનભાઈ પટેલ અજમેર સ્થિત ગુરૂકૃપા એન્ટરપ્રાઈઝ આંગડીયા પેઢીમાંથી કામ કરતો કરણસિંહ દિલીપસિંહ ચૌહાણ રૂપિયા ૧૯.૫૦ લાખ લઈ અમદાવાદ બ્રાન્ચમાં આપવા નીકળ્યો હતો. દરમિયાન આ શખ્સ સમયસર પૈસા લઈ અમદાવાદ નહી પહોંચતા આંગડીયા પેઢીના માલિકે તપાસ હાથ ધરી હતી તે દરમિયાન આ શખ્સ શામળાજી નજીકની એક હોટલ ઉપર મળી આવ્યો હતો જેની પુછપરછ કરતા તેને આ રકમ અંગત કારણોસર પૈસાની જરૂરિયાત હોઈ વાપરી નાખી હોવાનું જણાવ્યું હતું. આથી આંગડીયા પેઢીના માલિક અશોકભાઈ પટેલે શામળાજી પોલીસ સ્ટેશનમાં કરણસિંહ દિલીપસિંહ ચૌહાણ સામે ફરિયાદ નોંધાવતા પોલીસે ઠગાઈ અને વિશ્વાસઘાત અંગે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

આંગડીયા પેઢીમાં છેલ્લા ૨ મહિનાથી નોકરી કરતા આ કરણસિંહ અજમેરથી અમદાવાદ પેઢીના ૧૯.૫૦ લાખ લઈને જઈ રહ્યો હતો ત્યારે શામળાજી નજીક આવેલ હોટલ પર કાર લઈને આવેલા ૩ લોકોએ આ પૈસા લુંટીને જતા રહ્યા હતા અને કરણસિંહને પકડી રોડની બીજી બાજુ લઈ જવામાં આવ્યો હતો અને તેને પાસે રહેલા પૈસાને લુંટી લેવામાં આવ્યા હતા જેવી વાત પોલીસ સમક્ષ કરણસિંહે જણાવ્યું હતું.

આંગડીયામાં લુંટના કિસ્સા વધી રહ્યા છે તેમાં મોટાભાગના કિસ્સામાં લુંટનો ભોગ બનનાર જ આરોપી નીકળતા હોય છે જેના અનેક દાખલા છે ત્યારે આ કેસમાં કુલ કર્મચારીએ જ લુંટનું તરકટ રચ્યું છે કે પછી ખરેખર લુંટ થઈ છે તે જોવું રહ્યું.

# ખેડબ્રહ્મા અંબિકા માતાજી મંદિરની પોલીસ ચોકીને તાળાં

ખેડબ્રહ્મા, તા.૨૩

ખેડબ્રહ્મા અંબિકા માતાજી મંદિર પરિસરમાં સાબરકાંઠા પોલિસ દ્વારા પોલિસ ચોકીનું ઉદઘાટન થયા બાદ આ ચોકીનાં તાળાં ખુલ્યા જ નથી . મંદિર અને યાત્રાળુઓની સુરક્ષા સલામતી માટે શરુ કરવામાં આવેલી આ પોલીસ ચોકી કાર્યરત કરવા યાત્રાળુઓમાં માંગ ઉઠવા પામી છે.

સાબરકાંઠા પોલીસ દ્વારા ખેડબ્રહ્માના અંબિકા માતાજી મંદિર પરિસરમાં પોલિસ ચોકીનું ઉદઘાટન જાન્યુઆરી-૧૫માં વાજતે ગાજતે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ડીએસપી પી.કે.માલ, ડીવાયએસપી જયોતિ પટેલ-પ્રાંત અધિકારી સહિત તાલુકાના અન્ય અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતાં. પોલિસ ચોકી ઉદઘાટન સમારંભમાં યાત્રાળુઓ અને મંદિરની સુરક્ષા અંગે મોટી મોટી વાતો કરવામાં આવી હતી. પણ ઉદઘાટન થયા પછી પોલીસ ચોકીના તાળાં ખોલવામાં જ ન આવતા કરવામાં આવેલી વાતો અને વચનો પોકળ સાબિત થયાં છે. પોલિસ ચોકી માટે મંદિરના સંચાલકો દ્વારા ભાડા અને વીજળી બીલ વગર આપવામાં આવેલ જગ્યા માટે કરેલ મહેનત પાણીમાં ગઈ હોય તેવું જણાય છે. મંદિર પરિસરની આ પોલિસ ચોકી કાર્યરત કરવા ગામ લોકો સહિત યાત્રાળુઓમાં માંગ ઉઠવા પામી છે. આ અંગે ખેડબ્રહ્મા પી.એસ.આઈ. જી.કે. ઈસરાનીએ મારી પાસે સ્ટાફ નથી તેમ કહી હાથ અધ્ધર કરી દીધા હતા.



(તસવીર : રમેશ વૈષ્ણવ, ખેડબ્રહ્મા)

## સબસીડી મેળવતા ખેડૂતોમાં ખુશીનો માહોલ

વડાલી તાલુકાના ૨૭૯ ખેડૂતોએ વર્ષ ૨૦૧૪-૧૫માં સિંચાઈ માટેના સાધનો માટેની સબસીડી મેળવવા અરજી કરી હતી. જે અરજીઓ સરકારે ધ્યાને લઈ તાજેતરમાં મંજુર કરી જેમાં રોટોવેટર માટે ૧૯ થી ૪૨ હજાર, પાઈપલાઈન માટે ૧૧ થી ૧૪ હજાર તેમજ ઈલેકટ્રીક પંપ માટે ૧૦ હજારની સબસીડી મંજુર કરતા સબસીડીના ચેકો પણ સ્થાનિક તંત્ર દ્વારા ખેડૂતોને વિતરણ કરવામાં આવતા ખેડૂતોમાં ખુશીની લહેર ફેલાઈ હતી.

## ધનસુરામાં દેશી દારૂની ભઠ્ઠી પર પોલીસનો સપાટો

ધનસુરામાં ચાલતા દેશી દારૂના અડ્ડા પર ધનસુરા પોલીસના પી.એસ.આઈ. સહિતની ટીમે દરોડો પાડ્યો હતો અને દેશી દારૂનો જથ્થો પકડી પાડ્યો હતો. ધનસુરામાં પોલીસ લાઈન સામેના વિસ્તારમાં છેલ્લા ઘણા સમયથી દેશી દારૂનો અડ્ડો ધમધમતો હતો. આ અંગે સ્થાનિક રહિશે લેખિતમાં પોલીસમથકે પી. એસ. આઈ.ને જાણ કરતા પી. એસ. આઈ.એ પોતાની ટીમ સાથે સ્થળ પર દરોડો પાડ્યો અને દેશી દારૂનો ધંધો કરતા અજય બાબુ વાઘેલા અને શકરીબેન બાબુભાઈ વાઘેલાની અટકાયત કરી હતી. ઉપરાંત રેલવે ફાટક, જનતાનગર, ભાથીજી મંદિર સહિતના સ્થળે પણ કાર્યવાહી કરી દારૂની ભઠ્ઠીઓ બંધ કરાવી હતી.

## ખેડબ્રહ્મામાં મળેલ મૃતદેહની ઓળખ થઈ

ખેડબ્રહ્માના વાસણા રોડ પર આવેલ સાંઈનાથ સોસાયટી પાસેના કુવામાંથી ગુરૂવારે અજાણ્યા યુવાનનો મૃતદેહ મળ્યો હતો. પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. તપાસમાં કાનાભાઈ મેઠાભાઈ ખટીક ઉ.વ.૬૦ (રહે. ઈડર)નો મૃતદેહ હોવાનું બહાર આવ્યુ હતુ.

# અરવલ્લી જિલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓની કચેરી વેપારીઓને લાયસન્સ આપી દિધા પણ સરનામાથી અજાણ

મોડાસા, તા. ૨૩

માહિતી અધિકારીના કાયદા હેઠળ દેશમાં કોઈ પણ નાગરિક સરકારી કચેરીમાંથી ધારાધોરણ પ્રમાણેની વિગતો મેળવી શકે છે. જો કે કેટલાક અધિકારીઓ માહિતી અધિકારના કાયદાને ઘોળીને પી જતા હોય તેમ જવાબો આપવામાં ઠાગાઠૈયા કરે છે. મોડાસામાં આવેલી અરવલ્લી જિલ્લા રજીસ્ટ્રાર કચેરીમાં માહિતી અધિકારના કાયદા હેઠળ નોંધાયેલ લાયસન્સદાર વેપારીઓની વિગતો માંગવામાં આવી હતી.

અરવલ્લી જિલ્લા રજીસ્ટ્રાર કચેરીએ ૮૪૨ લાયસન્સદાર વેપારીઓ નોંધાયેલા હોવાનું જણાવ્યુ હતુ. પરંતુ જે વેપારીઓને લાયસન્સ આપ્યા છે. તેમના સરનામા કચેરીના રેકર્ડ પર જ ન હોવાનુ જણાવતાં અચરજ પેદા થઈ છે. તંત્રના આવા ઉડાઉ જવાબના પગલે અરજદારને અપીલ કરવાની ફરજ પડી છે. મોડાસા શહેરમાં જિલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓની કચેરી કાર્યરત થઈ છે. આ કચેરીમાં એક અરજદારે વિગતો માગી હતી જેમાં જણાવ્યુ હતુ કે મોડાસા ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિમાં કેટલા વેપારીઓ નોંધાયેલા છે તેની યાદી નામ સરનામા સાથે આપવી પરંતુ આ આરટીઆઈના જવાબમાં સહકારી અધિકારી (બજાર) લગત જિલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ અરવલ્લીએ જે જવાબ આપ્યો તે જાણી અરજદાર ચોંકી ઉઠ્યો હતો. કચેરી તરફથી જણાવવામાં આવ્યુ છે કે બજાર સમિતિ મોડાસામાં ૩૧-૩-૨૦૧૪ની સ્થિતિએ ૮૪૨ લાયસન્સદાર વેપારીઓ નોંધઆયેલા છે. પરંતુ જેની નામ સરનામાની યાદી અત્રેની કચેરીના રેકર્ડ પર ઉપલબ્ધ નથી.

જિલ્લા રજીસ્ટ્રાર કચેરી પાસે કેટલા વેપારીઓ લાયસન્સદાર નોંધાયેલા છે તેનો તો આંકડો છે પરંતુ કોને લાયસન્સ અપાયા તેની વિગત નથી. ૮૪૨ લાયસન્સની વિગત હોય અને જેને લાયસન્સ અપાયા છે તેના નામ સરનામા જ કચેરી પાસે ન હોય તેનાથી મોટી આશ્ચર્યજનક વાત કઈ હોઈ શકે. અત્રે નોંધવુ જરૂરી છે કે જિલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ સરકારના પ્રતિનિધિ તરીકે ગણાય છે તેમ છતાંય યાર્ડમાં ચૂંટાયેલા પ્રતિનિધિ માટે જિલ્લા રજીસ્ટ્રાર કચેરી પાસે કેટલીક આરટીઆઈ હેઠળ વિગતો માગી હતી પરંતુ સંતોષકારક જવાબ ન મળતાં આખરે અપીલ કરવાની ફરજ પડી છે.

## હિંમતનગરમાં રાહદારી મહિલાના ગળામાંથી સોનાનો દોરો ખેંચાયો

હિંમતનગર, તા.૨૩

હિંમતનગરના ભોલેશ્વર ખાતે શ્યામ સોસાયટીમાં રહેતા રમીલાબેન બાબુભાઈ બેંકર ગુરૂવારે સાંજે ૭.૧૫ કલાકે પરબડા ગામમાંથી દૂધ લઈ પરત ફરી રહ્યા હતા ત્યારે પરબડા ગામની સીમના ગરનાળા નજીક બાઈક પર ૨૨ થી ૨૫ વર્ષના બે યુવાનોએ ગળામાંથી એકલતાનો લાભ લઈ સોનાનો દોરો તોડી લૂંટ ચલાવી પળભરમાં ભાગી છૂટયા હતા. લૂંટની ઘટના અંગે મહિલાએ પોલિસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતાં તપાસ આરંભાઈ હતી.

## બનાસ ડેરી દ્વારા દૂધ ઉત્પાદકોને અપાતા દૂધના ભાવમાં સતત વધારો

પાલનપુર, તા.૨૩

દૂધ ઉત્પાદકોને પોષણક્ષમ ભાવો મળી રહે તે માટે ૧લી મે થી પ્રતિ કિલો ફેટે દૂધના ભાવોમાં રૂ. ૩૦નો વધારો કરી રૂ. ૫૮૦ કરેલ હતા જેમાં પુનઃ ૧લી જુનથી પ્રતિ કિલો ફેટે રૂ. ૨૦નો વધારો કરી રૂ. ૬૦૦ પ્રતિ કિલો ફેટે ચુકવાશે.

બનાસડેરીના નિયામક મંડળે સતત ખેડૂતો અને પશુપાલકોના હીતને લક્ષમાં રાખીને દુધ ઉત્પાદકોને દુધના પોષણક્ષમ ભાવ મળી રહે તે માટે દુધના ભાવમાં સતત વધારો કરતા રહ્યા છે. તા. ૧-૬-૨૦૧૫થી દૂધ ઉત્પાદકોને ચૂકવાતા ભાવોમાં પ્રતિ કિલોફેટે રૂ. ૨૦નો વધારો કરેલ છે જેથી દૂધ ઉત્પાદકોને પ્રતિ કિલોફેટે રૂ.૬૦૦ ચૂકવામાં આવશે જેમાં ગત મહીને જ ૧લી મેથી પ્રતિ કિલો ફેટે રૂ. ૩૦નો વધારો કરી રૂ. ૫૮૦ પ્રતિ કિલો ફેટે ચુકવાય છે.

વર્તમાન સમયમાં મોંઘવારી જયારે આસમાને પહોંચી છે ત્યારે તેમજ કુદરત પણ ખેડૂતો-પશુપાલકો ઉપર કોપાયમાન બની હોય એમ છે, ચાલુ ચાલે દરેક પાકોમાં ખેડૂતોએ નુકશાનીનો ભોગ બનવું પડયું છે ત્યારે આવી પરિસ્થિતિમાં દૂધનો એક માત્ર ધંધો છે જે ખેડૂતોને વિકટ પરિસ્થિતિમાં પણ પોષણક્ષમ ભાવો આપે છે. દુધના વધતા ભાવોથી પશુપાલકો પ્રોત્સાહિત થાય છે અને નવા પશુઓ ખરીદવા પ્રેરાય છે. જેના પરિણામે પશુઓની કિંમતોમાં નોંધપાત્ર વધારો થયેલો છે સાથે આવતા બે વર્ષોમાં બનાસડેરીમાં ૫૦ લાખ લીટર દૈનિક દૂધ સંપાદન થવાનો અંદાજ છે.

# ઐઠોર ગામે મકાન આગળ સુતેલા એક વ્યક્તિના કાનમાંથી સોનાની વાળીની લૂંટ

ઊંઝા, તા. ૨૩

ઊંઝા નજીકના ઐઠોર ગામે કોઈ અજાણ્યા લુંટારૂઓ મકાન આગળ સુતેલા એક રબારી જ્ઞાતિના વ્યક્તિના કાનમાં પહેરેલ સોનાની વાળીની લુંટ કરી કાને ઈજાઓ પહોંચાડી ક્યાંક નાસી છૂટ્યા હોવાનો ચોંકાવનારો બનાવ બનતાં સમગ્ર વિસ્તારમાં ભારે ભયની લાગણી પ્રસરી હતી.

વિગત એવી છે કે, ઐઠોર ગામે ગણપતિ મંદિર પાસે રહેતા અને પશુપાલનનો ધંધો કરતા કમશીભાઈ રામાભાઈ રબારી ઉં.વ. ૪૫ રાતના સમયે મકાનની બહાર ઓટલા ઉપર સુતેલા હતા. ત્યારે મધરાત બાદ કોઈ લુંટારૂઓએ અચાનક તેમના કાનમાં પહેરેલ સોનાની વાળી કિંમત રૂપિયા પંદર હજારની લૂંટ કરી ક્યાંક નાછી છૂટ્યા હતા. લુંટારૂઓએ કાનમાંથી સોનાની વાળી ખેંચી લેતા તેમને કાને ઈજા થઈ હતી. સમગ્ર ગામમાં ભારે ભય સાથે ચિંતાની લાગણી ફેલાઈ હતી. આ બનાવ અંગે પોલીસે અજાણ્યા શખ્સો સામે લુંટનો ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# જાપાન અને દક્ષિણ કોરિયા ઓસવાલ ઈન્ડસ્ટ્રીઝ માટે નવી મંજિલ

## પ્રોસેસ સ્કિડ્સ માટે મહેસાણામાં શરૂ કરે છે નવો પ્લાન્ટ

ઈન્ડસ્ટ્રિયલ વાલ્વ્સ તથા પ્રોસેસસ્કિડ્સ નિર્માણમાં અગ્રણી એવી ગાંધીનગર સ્થિત ઓસવાલ ઈન્ડસ્ટ્રીઝ લિ.એ તેમનો માલ આયાત કરનારા દેશોના ગુલદસ્તામાં જાપાન અને દક્ષિણ કોરિયાનો ઉમેરો કર્યો છે. દક્ષિણ પૂર્વ એશિયાના અનેક દેશોમાંના કેપિટલ ગૂડ્સના આગળ પડતા આયાત કારોએ ભારતમાંથી કેપિટલ ગૂડ્સ મેળવવામાં કરવામાં રસ દર્શાવ્યો છે. કેમકે અહીંના ઉત્પાદનોની ઉચ્ચ ગુણવત્તા તથા વિશ્વસનિયતા તથા નબળા રૂપિયાને કારણે તેમની તરફેણમાં હોય એવાદ રોમળી રહે છે. ૧૯૮૫માં સ્થાપાયેલી આ કંપની પોતાનો માલ અમેરિકા, યુરોપ અને મધ્યપૂર્વમાં નિકાસ કરે છે.

શ્રી. જીતેન એચ. બોકાડિયા મેનેજિંગ ડિરેકટર, ઓસવાલ ઈન્ડસ્ટ્રીઝ લિ.એ પ્રસાર માધ્યમોને સંબોધતા જણાવ્યું હતું કે, અમારા દ્વારા નિર્મિત વાલ્વ્સ તથા પ્રોસેસસ્કિડ્સ ઓઈલ, ગેસ, પેટ્રોકેમિકલ્સ, રિફાઈનરીઝ, પાવર, સ્ટીલ, કેમિકલ અને ખાતર, જળપરિવહન, ઑઈલશૉરડ્રિલિંગ, અણુર્જા વગેરે જેવા ક્ષેત્રોના અગ્રણી કોર્પોરેટસ જેમકે એબીબીલિ., એજીઆઈપી, એકેઈઆર સૉલ્યુશન્સ, એએલએસટીઓએમ. બેચટેલ, બ્રિટિશગૅસ, સીટીસીઆઈ, ચિયોડા, આએનપીપીઆઈ, ઈએક્સએક્સઓએન, મોબિલ તથા અન્ય ને ફરી ફરી નિર્માણના પડકારોનો સામનો કર્યો છે તથા સતત પ્રક્રિયાને વિસ્તારી છે. વાલ્વ ક્ષમતાને વિસ્તારવા માટે તથા નવોપ્લાન્ટ નાખી ગુજરાતના મહેસાણામાં પ્રોસેસસ્કિડ્સ બનાવવા માટે અમે મોટા પાયે રોકાણ કરવાની યોજના ધરાવીએ છીએ. મહેસાણામાં ૨૪ એકર ધરાવે છે તથા પ્લાન્ટની સ્થાપના મટે ૫૦ કરોડનું રોકાણ કરશે.

# સાબરકાંઠામાં તલાટીની ૯૩ ખાલી જગ્યા માટે ૫૦,૦૦૦ ઉમેદવારો મેદાનમાં

ભિલોડા, તા.૨૩

સાબરકાંઠા જિલ્લા પંચાયતમાં ખાલી પડેલી તલાટી, જુનિયર કલાર્ક, મલ્ટીપર્પઝ હેલ્થવર્કર અને ફિમેલ હેલ્થવર્કરની ખાલી પડેલી કુલ ૧૯૮ જગ્યાઓ માટે ઉમેદવારોનો રાફડો ફાટી નીકળતાં કચેરીમાં ૯૦,૦૨૬ અરજીઓનો ઢગલો થયો હતો. જેની ચકાસણીના અંતે ૭૭,૮૬૮ અરજીઓ માન્ય રાખવામાં આવી હતી. જેમાં સૌથી વધુ તલાટીની ૯૩ જગ્યા માટે ૫૦,૬૦૦ ઉમેદવારોનો સમાવેશ થાય છે.

નોંધપાત્ર છે કે જિલ્લા પંચાયત પસંદગી બોર્ડ દ્વારા આગામી તા. ૬ અને ૭ જુલાઈના રોજ સાબરકાંઠા અનેઅરવલ્લી જિલ્લાના કુલ ૧૬૦થી વધુ પરીક્ષા કેન્દ્રો પર સીસીટીવી કેમેરાની બાજ નજર હેઠળ પરીક્ષા લેવામાં આવનાર છે. જેના નોડલ અધિકારી તરીકે જિલ્લા શિક્ષણાધિકારીની નિમણુંક કરાઈ છે.

જિલ્લા પંચાયતના સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ જિલ્લામાં તલાટી વગરની ખાલી ગ્રામ પંચાયતોની વહીવટીય કામગીરી અન્ય તલાટીને ચાર્જ સોંપીને કરાઈ રહી છે. ત્યારે જિલ્લા પંચાયત સેવા પસંદગી બોર્ડ દ્વારા તલાટીઓની ખાલી જગ્યાઓ પર યોગ્ય લાયકાત ધરાવતા ઉમેદવારોની પસંદગી કરી નિમણુંક કરવા આદેશ કરાયો છે. જે અંતર્ગત સાબરકાંઠા જિલ્લામાં તલાટીની ૯૩, જુનિયર કલાર્કની ૧૨, મલ્ટીપર્પઝ હેલ્થવર્કરની ૭૨ અને ફિમેલ હેલ્થવર્કરની ૨૧ જગ્યાઓ ભરવા માટેની જાહેરાત તાજેતરમાં પ્રસિદ્ધ કરાઈ હતી. જેને પગલે ઉમેદવારોએ આ જગ્યાઓ પર ભરતી થવા માટે ઉત્સાહ દાખવ્યો છે.

ફિમેલ હેલ્થવર્કર માટે ૮૭૭, જુનિયર કલાર્ક માટે ૨૭,૯૫૭, મલ્ટીપર્પઝ હેલ્થવર્કર માટે ૨૫૮૯, જયારે તલાટી કમ મંત્રી માટે ૫૮,૬૧૩ ઉમેદવારોએ અરજી કરી હતી. જે અરજીઓની ચકાસણી બાદ તલાટી સહિતની જગ્યા માટે ૭૭,૮૬૮ ઉમેદવારોની અરજી માન્ય રહી છે. જેમાં ૯૩ તલાટીઓની જગ્યા માટે સૌથી વધુ ૫૦,૬૦૦ ઉમેદવારોનો સમાવેશ થાય છે. આગામી તા. ૬ અને ૭ જુલાઈના રોજ સાબરકાંઠા અનેઅરવલ્લી જિલ્લાના ૧૬૦ પરીક્ષા કેન્દ્રો પર પરીક્ષા લેવામાં આવશે. પરીક્ષામાં ઉત્તીર્ણ થનાર ઉમેદવારોની મેરિટ યાદી તૈયાર કરવામાં આવે. જેમાં પસંદ થયેલા ઉમેદવારોના જરૂરી દસ્તાવેજોની ચકાસણી બાદ ઓર્ડર ઈસ્યુ કરવામાં આવશે તેમ સૂત્રોએ જણાવ્યું હતું.

# લીંભોઈ ગામના રામભાઈ દ્વારા વર્ષોથી નિરંતર ચાલતી ઠંડા પાણીની પરબ

મોડાસા, તા.૨૩

આજના આધુનિક યુગમાં અને દોડધામભર્યા જમાનામાં ઘડી કે નવરાશ નથી એવું મહત્તમ લોકોના મોઢે સાંભળવા મળે છે. તેમજ કાળઝાળ ઉનાળાની ગરમીમાં દુકાનમાલિકો અને હોટલવાળાઓ મુસાફરોની ગરજ પ્રમાણે ઠંડા પાણીની બોટલો અને પાણીના પાઉચના મનફાવે તેવા ભાવ લઈ ધોળા દિવસે પ્રજાજનોમાં ઉઘાડી લૂંટ ચલાવી રહ્યા છે. ત્યારે ધોમધખતા ઉનાળામાં લીંભોઈ ગામના વડીલ દ્વારા છેલ્લા ૧૦ વર્ષથી સેવાયજ્ઞ ચલાવી મુસાફરોને મફત ઠંડા પીવાનું પાણી પુરું પાડી સેવાકીય પ્રવૃત્તી કરી રહ્યા છે.

મોડાસા તાલુકાના લીંભોઈ ગામના રામભાઈ પ્રભુદાસ દરજી દ્વારા લીંભોઈ ગામમાં અનોખો સેવાકીય ભેખ ધરી નિરંતર ઠંડા પાણીની પરબ ચલાવી લોકોને મફત પીવાનું પાણી પુરું પાડવામાં આવતા લીંભોઈ પંથકમાં સરાહના થઈ રહી છે. ઉનાળાની શરૂઆત થવાની સાથે જ રામભાઈ દ્વારા લીંભોઈ ગામના ચોરામાં વડની શીતળ છાયામાં દરરોજ વહેલી સવારે ૧૦ માટીના માટલાઓમાં ઠંડુ પાણી ભરી ગામના પ્રજાજનો અને આજુબાજુના ૧૦થી વધારે ગામડાના મુસાફરો અને પ્રજાજનોને ઉનાળાની કાળઝાળ ગરમીમાં નિરંતર ઠંડુ પાણી પુરું પાડવામાં આવી રહ્યું છે. રામભાઈ એ છેલ્લા ૧૦ વર્ષોથી ઉનાળામાં ગરમીથી રાહત આપવા લોકોને ઠંડુ પાણી પુરું પાડવા નિત્યક્રમ બનાવી દેતા દિવસભર પરબ પર ખડે પગે ઉભા રહી મુસાફરો અને લોકોને ઠંડુ પીવાનું પાણી પુરું પાડી સેવાકીય પ્રવૃત્તિ કરી રહ્યા છે.



લીંભોઈ ગામના વતની મેહુલભાઈ જોષીના જણાવ્યા અનુસાર રામભાઈ દરજી દ્વારા છેલ્લા કેટલાય વર્ષોથી ગામ લોકો અને આજુબાજુના ૧૦થી વધારે ગામના મુસાફરો ઉનાળાની ગરમીમાં ઠડુ પીવાનું પાણી પુરું પાડવામાં આવી રહ્યું છે. તેમજ ગરમીમાં મુસાફરોને ઠંડુ પાણી મળી રહેતાં હાશકારો અનુભવવાની સાથે આ વડીલની સેવાકીય પ્રવૃત્તિ બિરદાવતા નજરે પડે છે.

## શબ્દાવલી - ૫૭૩૯

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | ■ | ૩ | | | ૪ |
| | ■ | | ■ | | ■ | ■ | |
| ૫ | ૬ | | ■ | ■ | ૭ | | |
| ■ | ૮ | | | | | ■ | |
| ૯ | | | ■ | ■ | ૧૦ | ૧૧ | ■ |
| | ■ | ૧૨ | ૧૩ | | ■ | ૧૪ | ૧૫ |
| ૧૬ | ૧૭ | | | ■ | ૧૮ | | |
| ૧૯ | | ■ | ૨૦ | | | ■ | |

### આડી ચાવી

૧. મૃત્યુસંબંધી ખર્ચનો પ્રસંગ (૩)
૩. સાડાબારી, દરકાર (૪)
૫. દિવો, જયોત (૩)
૭. ફેંસલો (૩)
૮. રમતમાં કાબેલ (૫)
૯. પાણીમાં પથ્થર નાંખતા જે ગોળ કુંડાળા વળે તે, ભમરી(૩)
૧૦. મુંગુ, અબોલ (૨)
૧૨. પ્રશંસા (૩)
૧૪. હોઠને હિન્દીમાં... કહેવાય (૨)
૧૬. પિયરીયું, મા-બાપ (૪)
૧૮. કુમળું, કુણું (૩)
૧૯. નવી વહુ (૨)
૨૦. નાળુ (૩)

### ઊભી ચાવી

૧. તકવાદી, પાતળી છાલવાળુ (૩)
૨. જળમાં કમળ જેમ નિર્લેપ રહે તે(૭)
૩. ૨૪ સેકન્ડ, ક્ષણ (૨)
૪. ધક્કો, હડદો (૪)
૬. સૌથી પ્રિય, અતિપ્રિય(૩)
૭. ચુરમાના લાડુ બનાવવા માટે પહેલા... કરવું પડે (૩)
૯. વરને લગ્નમંડળમાં પહેરાવવાનો હાર (૪)
૧૧. લેખનની, પેન (૩)
૧૩. ખલાસી, નૌકા હાંકનાર(૩)
૧૫. સજન, વાલમનું હિન્દી(૩)
૧૭. ચોળાની દાળની એક વાનગી (૨)
૧૮. એક શાક (૨)

### શબ્દાવલી ૫૭૩૮ના જવાબ

**આડી ચાવી :-** (૧) મામલો (૪) સુબા (૭) લેસન (૮) વસુંધરા (૯) તુકો (૧૦) વરદી (૧૨) રગડધગડ (૧૭) પમરાટ (૧૮) ખુદા (૧૯) કોસ (૨૦) ગરવાઇ (૨૧) પનઘટ

**ઊભી ચાવી :-** (૧) માલેતુજાર (૨) મસકો (૩) લોન (૪) સુવર (૫) બાસુંદી (૬) વિરામ (૧૧) સોડમ (૧૩) ગપસપ (૧૪) ધરા (૧૫) ગટગટ (૧૬) વિદાઇ (૧૮) ખુવાર

## આકરો મિજાજ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

જનજીવન પણ પ્રભાવિત થયું છે.નાગરિકો ગરમીથી બચવા નતનવા નુસખા અજમાવી રહયા છે.ગત સપ્તાહ દરમિયાન ગરમીના તીખા તેવરથી શહેરીજનો બેબાકળા બની ગયા હતા. ગરમીનો પારો ઉંચો જતા બપોરનો તાપ આકરો બન્યો છે. આકાશમાંથી અગ્નજવાળા વરસતા નગરજનો ચામડીના દાહ અનુભવી રહયા છે. આજે પણ ગરમીનો પારો ૪૨.૫ ડીગ્રી રહયો હતો જયારે રજાના દિવસે આકરી ગરમીની અસરથી શહેરના માર્ગો પર સન્નાટો જોવા મળ્યો હતો. નાગરિકોએ ગરમીથી બચવા ઘરની બહાર જવાનું ટાળ્યું હતું. બપોરના આકરા તાપ બાદ સાંજે પણ વાતાવરણમાં ઉકળાટનું પ્રમાણ વધારે રહયું હતું. જેના લીધે નગરજનોએ બફારો અનુભવ્યો હતો.દિવસના આગ ઓકતી ગરમીના લીધે લૂં ફૂંકાઇ હતી. ગરમીએ સતત આકરો મિજાજ જાળવી રાખતા નગરજનો પણ બેચેની અનુભવી રહયા છે. સાંજના સમયે વાતાવરણમાં ભેજનું પ્રમાણ વધીને ૬૭ ટકા થઇ ગયું હતું. જેના લીધે બફારો અનુભવાયો હતો. જયારે લઘુત્તમ તાપમાન પણ ૨૮.૫ ડીગ્રી રહેવાથી નગરજનો એ ઢળતી સાંજ બાદ પણ ગરમી વેઠવાનો વારો આવ્યો હતો.

## સમયસર... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વિસ્તારમાં કોમર્શીયલ પ્રવૃત્તિઓ ચાલી રહી છે કે તેને રાતોરાત બંધ કરાવી દેવું શકય નથી. હજ્જારો લોકોની રોજીરોટી તેના પર ચાલી રહી છે. હજુ હાઈકોર્ટમાં આ મામલાની સુનાવણી ચાલી રહી છે. ભવિષ્યમાં શું પગલાં લેવાનો આદેશ હાઈકોર્ટ આપશે તે નક્કી નથી પરંતુ હવે મનપાએ અને અન્ય સત્તાતંત્રોએ જાગી જઈ કોમર્શીયલ પ્રવૃત્તિઓ માટે શહેરમાં અલગ વિસ્તાર ઉભો થાય અને નજીકના ભવિષ્યમાં હરાજી થનાર પ્લોટોમાં કોમર્શીયલ પ્રવૃત્તિ માટે સસ્તો અને સારો વિકલ્પ ઉભો થાય તે જોવું જરુરી બની ગયું છે.

## ખર્ચી શકાયો નહિ

● અનુસંધાન પહેલાનું ચાલુ

દોષનો ટોપલો કોના માથે મુકવો આગેવાનો કે અધિકારીઓને જવાબદાર ગણવા તે પણ સમય જ નક્કી કરશે.

રાજ્ય સરકારમાં બજેટની જોગવાઈ પછી ખર્ચ નથી થતો તો ધારાસભ્યોને ફાળવવામાં આવતી ગ્રાન્ટમાંથી રકમ પણ સભ્યો વાપરી શકતા નથી અથવા તો આ કામો સ્પીલ ઓવર કરવા પડે છે તો આ ગ્રાન્ટ સ્પીલ ઓવર કરવામાં કશુ ખોટુ નથી તેમ પંચાયતના જ એક સિનીયર સભ્યએ નામ નહિ લખવાની શરતે જણાવ્યુ હતુ. સરકાર જો આ રકમ ખર્ચવાની મુદત વધારતી હોય તો પંચાયતે પણ વધારવી જોઈએ તેમ આ સભ્યે જણાવ્યું હતુ.

**રક્તદાન મહાદાન**


## જાહેર નોટીસ

અ.વ.શ્રી.આર.કે.મનસુરી

ભિલોડાના મે.જ્યુડી.મેજી.ફ.ક.સાહેબશ્રીની કોર્ટમાં,મુ.ભિલોડા.

અરજદાર :- તરાર રમણભાઈ કોદરભાઈ,રહે.નાંદોજ,તા.ભિલોડા,જી.અરવલ્લી ફો.પ.અ..નં.૧૦૦/૧૫

● વિરૂધ્ધ ●

સામાવાળા :- જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી,નાંદોજ ગ્રુપ ગ્રામ પંચાયત,તા.ભિલોડા,જી.અરવલ્લી

અરજ :- જન્મ-મરણ નોંધણી અધિનિયમની કલમ-૧૩(૩)મુજબ.

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જણાવવાનું કે, ઉપરોક્ત અરજદારે તેમના પિતા નામે કોદરભાઈ જોયતાભાઈ તરારની મરણ તા.૦૯/૦૮/૨૦૧૨ ના રોજ નાંદોજ મુકામે થયેલ, પરંતુ તેમના મરણની નોંધણી મરણ નોંધણી રજીસ્ટરે કરાવેલ નહી હોવાથી મરણની નોંધણી કરાવવા હાલની આ અરજી કરેલ હોઈ, આ અંગે કોઈપણ ઈસમને કોઈપણ જાતનો વાંધો-વિરોધ હોય તો મુદત તા.૩૦/૫/૨૦૧૫ સુધીમાં સવારના ૧૧:૦૦ કલાકે અત્રેની અદાલતમાં હાજર થઈ લેખીતમાં વાધો રજુ કરવો. જો તેમ કરવામાં કસુર કરશો તો અરજીની આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે, જેની ખાસનોંધ લેવી.

આજ તારીખ. ૨૨મી, માહે-મે, સને-૨૦૧૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

મુસદ્દો તૈયાર કરનાર (યુ.એસ.હોથા) આસીસ્ટન્ટ.

મુકાબલ કરનાર (એસ.પી.પટેલ) આસીસ્ટન્ટ.

કોર્ટનો સિક્કો

હુકમથી. (સી.પી.બારોટ) રજીસ્ટ્રાર પ્રિન્સીપાલ સીવીલ કોર્ટ, ભિલોડા